**પત્રક ભાગ-૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**બીજું સત્ર**
**શનિવાર, તા. ૪થી માર્ચ, ૨૦૨૩**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૦-૦૦ વાગ્યે મળ્યું.**

૧. **પ્રશ્નોત્તરી**

શનિવાર, તા.૪થી માર્ચ, ૨૦૨૩ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭ અને ૮ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૯થી ૯૧ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય સવારના ૧૧-૦૦ કલાકે પૂરો થયો.

૨. **પોઇન્ટ ઓફ ઓર્ડર**

**પ્રશ્નોત્તરી દરમિયાન પ્રશ્નો ટૂંકમાં પૂછવા અંગે.**

કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડીયાએ પ્રશ્નોત્તરી દરમિયાન વિધાનસભાના નિયમોના નિયમ ૭૮(૧૧) ની જોગવાઇ મુજબ જવાબની મર્યાદામાં આવરી શકાય તે માટે વિસ્તૃત હોય તેવા નીતિને લગતા પ્રશ્નો ઉપસ્થિત નહિ કરવા અને માનનીય મંત્રીશ્રીઓએ પણ ટૂંકમાં જવાબ આપવા અંગેનો પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીને રૂલિંગ આપવાનું જણાવતા, માનનીય અધ્યક્ષશ્રીએ અગાઉ જણાવ્યા મુજબ લાંબા અને પોલિટિકલ અવલોકનો સાથેના પ્રશ્નો ન પૂછવા અને પ્રજાના પ્રશ્નોનો ઉકેલ થઇ શકે તેવા જ પ્રશ્નો પૂછવા અને પૂછેલા પ્રશ્નોના ટુ ધ પોઇન્ટ જવાબ આપવા માનનીય મંત્રીશ્રીઓને જણાવ્યું.

૩. **પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ)**

માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ, તબીબી અને જાહેર આરોગ્યને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક-૩૯, પ્રવાસનને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક-૫૧, માર્ગ અને પુલને લગતી સેવા અંગેની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માર્ગ અને મકાન વિભાગની પૂરક માગણી ક્રમાંક-૮૬, અનુસૂચિત જાતિ પેટા યોજનાને લગતી સેવા અંગેની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની પૂરક માગણી ક્રમાંક-૯૫ તથા શહેરી વિકાસને લગતી સેવા અંગેની મહેસૂલી ખર્ચ માટેની શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની પૂરક માગણી ક્રમાંક-૧૦૨ રજૂ કરી.

પૂરક માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ પૂરક માગણી ક્રમાંક-૩૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૩, પૂરક માગણી ક્રમાંક-૫૧ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૪, પૂરક માગણી ક્રમાંક-૮૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૫ અને ૬, પૂરક માગણી ક્રમાંક-૯૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૭ તથા પૂરક માગણી ક્રમાંક-૧૦૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૮ અને ૯ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

માનનીય અધ્યક્ષશ્રીએ વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૪(૪) અન્વયે ગિલોટીન અંગેની જાહેરાત કરી, ગિલોટીન માટેનો સમય બપોરના ૧-૩૦ વાગ્યાનો ઠરાવ્યો.

૪. **અધ્યક્ષશ્રીની સૂચના**

**માગણીઓની ચર્ચા દરમ્યાન અધિકારીશ્રીઓએ હાજર રહેવા બાબત**

માનનીય અધ્યક્ષશ્રીએ જે તે વિભાગની માગણીઓ પરની ચર્ચા દરમ્યાન જે તે વિભાગના સિનિયર સચિવશ્રઓએ જ હાજર રહીને, ધારાસભ્યશ્રીઓની રજૂઆતને ધ્યાને લેવા અંગે જે તે વિભાગના સચિવોને તાત્કાલિક સૂચના આપવાની વ્યવસ્થા કરવા જણાવ્યું.

૫. **પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ રજૂ થયેલી પૂરક માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ.

(૧) શ્રી શૈલેષ પરમાર
(૨) શ્રી અભેસિંહ તડવી
(૩) શ્રી મેઘજીભાઇ ચાવડા
(૪) શ્રી અરવિંદભાઇ રાણા
(૫) શ્રી પ્રવિણભાઇ ઘોઘારી
(૬) શ્રી અરવિંદભાઇ પટેલ
(૭) શ્રી કાળુભાઇ રાઠોડ
(૮) શ્રી કેશાજી ચૌહાણ
(૯) શ્રી જયંતિભાઇ રાઠવા

**વિરામ બપોરના ૧૨.૦૦થી ૧૨.૩૦**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧૦) શ્રી સરદારભાઇ ચૌધરી
(૧૧) શ્રી જયંતિભાઇ પટેલ
(૧૨) શ્રી કેયુર રોકડિયા
(૧૩) શ્રી હર્ષદભાઇ પટેલ
(૧૪) શ્રીમતી દર્શનાબેન વાઘેલા
(૧૫) શ્રી જિતેન્દ્રભાઇ સોમાણી
(૧૬) શ્રી કિરીટસિંહ ડાભી

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ આપ્યો.

ત્યારબાદ રજૂ થયેલ કાપ દરખાસ્તો ક્રમાંક ૩, ૪, ૫, ૬, ૭, ૮ અને ૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ પૂરક માગણી ક્રમાંક ૩૯, ૫૧, ૮૬, ૯૫, અને ૧૦૨ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૬. **ગિલોટીન થયેલી માગણીઓ**

ત્યારબાદ માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૨૨-૨૦૨૩ના વર્ષના અનુદાનો માટેની પૂરક માગણી ક્રમાંક ૫, ૬, ૭, ૧૦, ૧૧, ૧૪, ૧૮, ૧૯, ૨૧, ૨૭, ૨૮, ૩૦, ૩૧, ૩૨, ૩૫, ૪૧, ૪૪, ૪૬, ૪૯, ૫૨, ૫૩, ૫૪, ૫૯, ૬૦, ૬૨, ૬૬, ૬૭, ૭૦, ૭૧, ૭૩, ૭૪, ૭૫, ૭૯, ૮૦, ૮૩, ૮૪, ૮૫, ૮૮, ૮૯, ૯૦, ૯૧, ૯૨, ૯૬, ૯૮, ૧૦૧, ૧૦૩ અને ૧૦૬ રજૂ કરી, જે મત માટે મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, સોમવાર તા ૬ઠ્ઠી, માર્ચ ૨૦૨૩ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે**
**ફરી મળવા માટે બપોરના ૧-૨૨ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૪થી માર્ચ, ૨૦૨૩

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.